# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૪/૦૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના દ્વારા "જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી" વિષય પર વેબિનાર યોજાયુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપક્રમે ભારતીય જીવન વીમા નિગમના સિનીયર ડિવિઝનલ મેનેજર શ્રી કે. જી. દરજી અને સુરત ડિવિઝનના માર્કેટિંગ મેનેજર શ્રી હિમાંશુ પટેલ સાથે "જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી" વિષય પર વેબિનારનું આયોજન શુક્રવાર, તા. ૧૧ જૂન, ૨૦૨૧ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન કરતા ચેમ્બરના પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે એલ.આઈ.સી.એ તેનું પોતાનું સ્લોગન "જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી" સાચા અર્થમાં સાર્થક કર્યું છે અને તેથી એમ કહી શકાય કે દુનિયા બદલાઈ ગઈ છે પરંતુ એલ.આઈ.સી. પરનો લોકોનો ભરોસો જેમનો તેમ છે.

આ વેબિનારને સંબોધન કરતા એલ.આઈ.સી.ના સત્તાધિશોએ જણાવ્યું હતું કે કોરોનાની મહામારી દરમ્યાન પણ ભારતની સૌથી મોટી જીવન વીમા કંપની એલ.આઈ.સી.એ ગયા વર્ષ કરતા પણ વધારે સારો બિઝનેસ કર્યો છે.

વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૫૬,૪૦૬ કરોડનું પ્રીમિયમ એકઠું કરીને ગત વર્ષ કરતા ૧૦.૧૧% નો વધારો હાંસલ કર્યો છે. આ જ વર્ષમાં ૨.૧૦ કરોડ પોલીસી ઉતારવામાં આવી છે. જેમાં માત્ર માર્ચ મહિનામાં ૪૬.૭૨ લાખ પોલીસી ઉતારીને છેલ્લા વર્ષ કરતા ૨૯૮.૮૨% વિક્રમી વધારો કર્યો છે.

એલ.આઈ.સી.નો હાલનો માર્કેટ શેર ૭૪.૫૮% છે અને નંબર ઓફ પોલીસીમાં એલ.આઈ.સી.નો માર્કેટ શેર ૮૧.૦૪% છે. પહેલા વર્ષના પ્રીમિયમના સંદર્ભમાં માર્ચ મહિનામાં એલ.આઈ.સી.નો માર્કેટ શેર ૬૪.૭૪% હતો અને સમગ્ર વર્ષમાં એલ.આઈ.સી.નો માર્કેટ શેર ૬૬.૧૮% રહેવા પામ્યો છે.

એલ.આઈ.સી.ની પેન્શન અને ગ્રુપ સ્કીમ વર્ટીકલે પણ નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે અને અત્યાર સુધીમાં હાઈએસ્ટ એવર ન્યુ બિઝનેસ પ્રીમિયમ ઇન્કમ રૂ.૧,૨૭,૭૬૮ કરોડની છે. એક વર્ષમાં ૩,૪૫,૪૬૯ નવા એજન્ટો જોડાતા હવે કુલ ૧૩,૫૩,૮૦૮ એજન્ટ્સ એલ.આઈ.સી. માટે કાર્યરત છે.

એલ.આઈ.સી.ના કર્મચારીઓને અદ્યતન તાલીમ આપીને તેઓને સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ કરવા માટે કટિબદ્ધ કરવામાં આવે છે.

સ્પર્ધાને કારણે સર્વિસીસમાં કેટલો સુધારો થયો ? એવા પ્રશ્નના જવાબમાં તેઓએ જણાવ્યું હતું કે એલ.આઈ.સી. પહેલેથી જ સારી સર્વિસ માટે કટિબદ્ધ છે. એટલે સ્પર્ધાને કારણે નહિ પણ બદલાતા જતા પ્રવાહની સાથે સમયની આગળ ચાલવાની વૃત્તિને કારણે સર્વિસીસમાં સતત સુધારો થતો આવ્યો છે અને હજી પણ સુધારો થતો રહેશે.

એલ.આઈ.સી. સમાજ ઉપયોગી કાર્યોમાં પણ પોતાનું મહત્તમ યોગદાન આપવાનું પસંદ કરે છે અને આમ પણ એલ.આઈ.સી. પોતે જ એક સેવા છે અને સેવા એ જ તેનું મિશન છે.

સમગ્ર સભાનું સંચાલન માનદ્ મંત્રી શ્રી નિખિલ મદ્રાસીએ કર્યું હતું અને કાર્યક્રમના વક્તાશ્રીઓનો પરિચય ચેમ્બરની બિઝનેસ આંત્રેપ્રિન્યોર સેલના કો-ચેરપર્સન શ્રીમતી જ્યોત્સનાબેન ગુજરાતીએ આપ્યો હતો.